# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

સત્યમેવ જયતે

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/


ક્રમાંક: યોજના/Pidilite/૨૦૧૯/300 તા.૧૩/૦૮/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી/RMSA/મોડેલ

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા - તમામ

મહુવા

વિષય : મહુવા તાલુકાની તમામ સરકારી માધ્યમિક શાળાઓને ધોરણ 9 અને 10ના અભ્યાસક્રમના ડિજિટલાઇજેશન માટે સપોર્ટ આપવા બાબત.

સંદર્ભ : ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશન-મહુવાના ઇ-મેઇલ તા.૦૨/૦૮/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું પિડિલાઇટ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી. મુંબઈના સહયોગથી ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશન - કળસાર અને ગ્રામ નિર્માણ સમાજ - દેવળીયા દ્રવરા મહુવા તાલુકામાં ગ્રામ વિકાસની અનેકવિધ પ્રવુતિઓ કરવામાં આવી રહી છે. મહુવા તાલુકાની તમામ સરકારી માધ્યમિક શાળાઓને ધોરણ 9 અને 10ના અભ્યાસક્રમના ડિજિટલાઇજેશન માટે સપોર્ટ આપવાનું વિચારવામાં આવ્યું છે. આ સંદર્ભે બિડાણમાં આપેલ ફોર્મ/સંમતિપત્રકની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી તમામ વિગત ભરી હાર્ડ કોપી તા.૨૦/૦૮/૨૦૧૯ મંગળવાર બપોરે 3:00 કલાક પહેલા અત્રેની કચેરીને મોકલવાનું રહેશે.

- નિયત સમયમર્યાદા પછી મોકલેલ માહિતી ધ્યાને લેવામાં આવશે નહિ.
- માહિતી/સંમતિપત્રક બિડાણમાં આપેલ નિયત પત્રક મુજબ જ મોકલવી.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

બીડાણ : ઉપર મુજબ

**નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ :**

શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી-મહુવા

Scanned by CamScanner

# હાઈસ્કૂલની સહમતી અંગે માર્ગદર્શક નમૂનો

તા.

પ્રતિ ,
ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશન
કળસાર, મહુવા.

જયભારત સાથે જણાવાનું કે ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશન – કળસાર દ્વારા અમારી હાઈસ્કૂલને ધોરણ ૯ અને ૧૦ માટે નવનીતના સોફટવેની ફાળવણી અંગે અમે સહમત છીએ અને આપના દ્વારા અકલીકરણ માટે નીચે દર્શાવેલ સૂચનો અમો શાળાના આચાર્યશ્રી અને શિક્ષકો સ્વીકારી પૂર્ણ સહમતી આપીએ છીએ.

અમલીકરણ અંગેના સુચનો:

- નવનીત સોફટવેરના પ્રથમ ઈન્સ્ટોલેશન માટે શાળાની લેબના CPU, LED TV અથવા LCD પ્રોજેકટર અને કી– બોર્ડ, માઉસનો ઉપયોગ કરવાનો રહેશે.
- આ ઉપરાંત એક કરતા વધુ કલાસ રૂમોમાં સોફવેર ઈન્સ્ટોલેશન કરવાનું શાળા નકકી કરશે તો તેટલા CPU શાળાએ તૈયાર રાખવાના થશે અને તે માટે LED TV સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓની સંખ્યા આધારે ફાળવવાની જોગવાઈ કરવામાં આવશે.
- સોફટવેરના મહત્તમ ઉપયોગ માટે ધોરણ ૯ અને ૧૦ ના વર્ગોનું સમયપત્રક બનાવવાનું રહેશે. જેથી દરેક ધોરણ તેનો મહત્તમ લાભ લઈ શકે તે માટે જે તે વર્ગ શિક્ષકો અને આચાર્યશ્રીએ નકકી કરવાનું રહેશે.
- સોફટવેર સારી રીતે કાર્યરત રહે તે માટે સોફટવેર સંબધિત ટેકનીકલ માર્ગદર્શન અને સપોર્ટ નવનીત કંપની દ્વારા પૂરૂ પાડવામાં આવશે અને આ સોફટવેરનો દર મહિને બેકઅપ લેવામાં આવશે તે માટે આવનાર કંપનીના સભ્યને શાળાના શિક્ષકો અને આચાર્યશ્રીએ પુરતો સહયોગ આપવાનો રહેશે.

શાળા કક્ષાની માહીતી :

| વિગત | સંખ્યા | તે શરૂ હાલતમાં છે? હા/ના |
|---|---|---|
| LED TV ૪૦ ઈંચનું | | |
| LCD પ્રોજેકટર | | |
| કોમ્પ્યુટર (CPU) | | |

વિદ્યાર્થીઓની સંખ્યા

| ધોરણ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ૯ | | | |
| ૧૦ | | | |
| ૧૧ | | | |
| ૧૨ | | | |
| કુલ | | | |

શિક્ષકોની સંખ્યા

| ભાઈઓ | બહેનો | કુલ |
|---|---|---|
| | | |

આભાર સહ,

Scanned by CamScanner